વાર્ષિક લવાજમ રૂ. ૫૦
રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર
અનસૂયા
વર્ષ - ૩૭ : અંક - ૧૭ ✻ આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ ✻ તંત્રી : નમ્રતા બાલી ✻ પ્રકાશન : સપ્ટેમ્બર ૬, ૨૦૧૯

# જ્યારે કામધંધાનું વિશ્વ બદલાયું છે, ત્યારે

છેલ્લા ત્રણ દાયકામાં કામધંધાનું વિશ્વ પલટાઇ ગયું છે. અર્થશાસ્ત્રીઓએ ધારણા બાંધી લીધી કે, અર્ધવિકસિત દેશો છેવટે વિકસિત દેશોની હરોળમાં જ આવી જશે. અને વહેલામોડા બધા જ વ્યાપારો ઔપચારિક માળખામાં (ફોર્મલ સેક્ટરમાં) સમાઇ જશે. પરંતુ વૈશ્વિકરણની સાથે જ પેલી ધારણાથી સાવ જુદી જ પરિસ્થિતિ ઉદ્ભવી. ખાનગી ક્ષેત્રે શિથિલ બન્યું અને જાહેર ક્ષેત્રે સંકોચાતું ગયું. કરારબદ્ધ મજૂરી, છુટક મજુરી અને બહારથી લવાતી મજૂરી કહેવાતા ઔપચારિક ક્ષેત્રમાં પણ વધી રહયાં છે. ઉદાહરણ તરીકે અમદાવાદનો કાપડ ઉદ્યોગ. મોટી મિલોમાંથી પાવરલુમ્સ તરફ અને નાનાં પ્રોસેસિંગ હાઉસ તરફ વળ્યો. અહીંનાં બધાં શ્રમકાર્યો કોન્ટ્રાક્ટ અને પેટા કોન્ટ્રાક્ટ પદ્ધતિથી થતા ગયા. એમાં માલિક અને કામદાર વચ્ચે સીધો સંબંધ બંધાતો નથી અને શ્રમના કાયદા લાગુ પડતા નથી. અમદાવાદના ૬૦% શ્રમજીવીઓ શેરીઓમાં કે પછી ઘેર બેઠાં કામ કરે છે, અથવા બંધ કારખાનાંઓની ખુલ્લી જમીનમાં કામચલાઉ છાપરીમાં કામ કરે છે. આમ અનેક રીતે વ્યાપાર જગતમાં ફેરફારો થયા છે પણ મજૂરો સાથે સંકળાયેલા કાયદાઓ આ ફેરફાર સાથે તાલ નથી મેળવી શકતા અને તેથી અપ્રસ્તુત બનતા ગયા છે.

વૈશ્વિકરણનું દબાણ સર્વત્ર છે. મોટા ઉદ્યોગોની તાકાત વધતી જાય છે અને ગરીબોના લઘુ સ્તરના વ્યવસાયોની એની સામે કોઇ હેસિયત નથી. નવાં નવાં યંત્રોનો વિનિયોગ સતત કાબેલિયત માંગે છે. અને ગરીબો એની સામે પોતાની જાતને લાચાર, નિર્બળ અને અસમર્થ અનુભવે છે. મધ્યમ વર્ગનો પ્રભાવ વધ્યો છે. ગરીબોના સમર્થનમાં દરમિયાનગીરી કરવાની રાજ્યની ભૂમિકાપણ પછીતમાં પડી ગઇ છે. સ્વયં રાજ્ય પણ આંતરરાષ્ટ્રીય વ્યાપાર અને વિદેશી મૂડી રોકાણના ધસમસતા વેગમાં ખેંચાઇ રહયું છે. નિર્ણયપ્રક્રિયા એટલા ઉચ્ચ સ્તરે પહોંચી ગઇ છે કે સ્થાનિક ધંધા-ઉદ્યોગો અને પ્રજાનાં સંગઠનોમાં નથી કોઇ પ્રભાવ, જે એની નથી કોઇ પહોંચ.

આ તબક્કે આંતરરાષ્ટ્રીય સંગઠનોની આવશ્યકતા વધી છે. આ અર્થતંત્રમાં ગરીબોએ જો ટકવું હોય તો તમામ સરહદો વળોટીને સંગઠિત થવું પડશે. મોટે ભાગે ઘેર બેઠાં જ વિવિધ કામધંધામાં પ્રવૃત એવી મહિલાઓએ તો સવિશેષ સંગઠિત થવું રહયું. જેથી, એમનું શોષણ ન થાય. અનૌપચારિક ક્ષેત્રમાં (ઇન્ફોર્મલ સેક્ટર) શ્રમ-સંગઠનો સ્થાપવાથી વધારે સંખ્યામાં મહિલાઓ શ્રમ-આંદોલનના મુખ્ય પ્રવાહમાં દાખલ થઇ શકે અને એનાથી આંદોલનની ગતિવિધિ પલટાશે. શ્રમજીવી સ્ત્રીઓ જે મુદ્દાઓને પ્રાથમિકતા આપે છે તે મુદ્દાઓ પુરુષોની પ્રાથમિકતા કરતાં અલગ હોવા સંભવ છે.

'સેવા'માં કોઇ પણ કાર્યક્રમની અસરકારકતા માપવા અમે કેટલાક પ્રશ્નો અમારે માટે તૈયાર કર્યા છે. અમે સાચી દિશામાં જઇ રહયાં છીએ કે કેમ એનો પૂરતો ખ્યાલ અમને આ પ્રશ્નોના જવાબદારીમાંથી મળી રહે છે. અમે પૂછીએ કે અમારા કામથી…

રોજીરોટીની તક વધવાની છે?
સ્ત્રીઓની આવક વધવાની છે?
અમને સારો અને પોષક ખોરાક મળવાનો છે?
આરોગ્ય સેવાઓ સરળતાથી મળવાની છે?બાળકોના સ્વાસ્થ્યની સંભાળ લઇ શકાશે?
રહેઠાણ, પાણી અને શૌચાલયની સગવડો મળશે?
સંગઠન મજબૂત બનશે?
ગરીબ સ્ત્રીઓને આગેવાની લેવાનું પ્રત્સાહન મળશે?
વ્યક્તિગત રીતે કે સામૂહિક રીતે સ્વાવલંબન વધશે?

જવાબમાં જો 'હા' તો આપણું સંગઠન સાચે રસ્તે અને 'ના' તો સુધરો.

આ સાદા પ્રશ્નો સીધા જવાબો મેળવી આપે છે, અને અંતે તો પરિણામ જ લક્ષ્યમાં રાખવાનું હોય.

જ્યારે શ્રમજીવીઓ પોતાની શક્તિ અનુસાર પગભરતાના પાઠ શીખે, નક્કર પરિવર્તન તો પ્રજા તરફથી જ આવવું જોઈએ. એ ન તો ઉપરથી નીચે સરીને આવી શકે, ન તો એને લાદી શકાય, કે ન એને આયાત કરી શકાય. આપણે લોક શક્તિમાં ભરોસો મૂકીએ તો જ એક દેશ તરીકે પરિવર્તન માટે સાનુકૂળ હવામાન સર્જી શકીએ. આ માટે પ્રજા પાસે પોતાનો અવાજ જોઈએ. ગરીબો બહુમતીમાં હોવાથી એમનો અવાજ તો ખાસ સંભળાવો જોઈએ. પણ ભારતની લોકશાહી મજબૂત હોવા છતાં માટીપગી છે.

૩૦૦ વર્ષના બ્રિટીશ શાસન દરમિયાન આપણા દેશે એના પરંપરાગત સામાજિક, રાજકીય અને આર્થિક માળખાને ક્રમશઃ નિર્બળ થતાં અને નાશ પામતાં જોયાં છે. એને સ્થાને સંસ્થાનવાદી સત્તાને પોંખતા નવા માળખા ઊભા થયા છે, જેમ કે કેન્દ્રવર્તી સત્તા, નીતિ અને અમલદારશાહી, ઔદ્યોગિકરણ અને શહેરીકરણ ઇત્યાદિ. આ માળખા ક્યારેય પ્રજાભિમુખ નહોતા અને એમને માટે એ જરૂરી પણ નહોતું. સ્વતંત્રતા પછી પણ આ જ માળખાં અકબંધ રહ્યાં છે. એને તોડવા માટે ખાદી, પંચાયત અને ટ્રસ્ટીશિપની ભાવનાને ગાંધીજી પ્રયોજવા માંગતા હતા, અને એમના પ્રયત્નોની એ ચોક્કસ દિશા પણ હતી. એ દ્વારા નવાં માળખાં ઊભા કરવા પરત્વે પણ આપણું ધ્યાન ગાંધીજી દોરી રહ્યાં હતા. આપણી પ્રજાની વાસ્તવિકતા અને જરૂરીયાતોને કેન્દ્રમાં રાખે એવા માળખાની આપણને આવશ્યકતા હતી. એમને લાગ્યું હતું કે ભારત એવી જ સંસ્થાઓથી ઘડી શકાશે જે નાની, સ્થાનિક, લોકશાહીયુક્ત અને ગતિમાન હોય.

આજે તો આપણું રાજકીય માળખુ લોકશાહીનું હોવા છતાં સ્વાર્થી હિતોથી એટલું ઘેરાયેલું છે કે, એમાં વંચિતોનો સમુદાય તો હાંસિયામાં જ ધકેલાયેલો રહેવાનો દેખાય છે. ઉત્તરદાયિત્વ જેવું તો ભાગ્યે જ બચ્યું છે. સ્થાનિક સ્વશાસિત માળખા નબળા છે અને ઉત્તરોત્તર નબળા થતા જાય છે. સરકારી તંત્રના વિવિધ અંગો-સંવિધાન, ન્યાયતંત્ર અને વહીવટી જ્યારે નીચલા વર્ગ સુધી પહોંચે છે ત્યારે તે બધા નિર્બળ અને અસ્થિર બની જાય છે. કંઈક અંશે આ સંસ્થાનવાદનો વરસો છે પણ સાથોસાથ જૂના માળખાને ચાલુ રાખવાનું ઉપલાવર્ગ માટે સગવડભર્યું છે.

આર્થિક ક્ષેત્ર પર શહેરી સમુદાયનું જ વર્ચસ્વ છે. આપણા શહેરો રાજ્યનાં સંસાધનો અને શક્તિ હડપ કરતાં જાય છે. મધ્યમ વર્ગ વાચાળ છે અને તેથી એ જ શિક્ષણ, વાહનવ્યવહાર, સમૂહ, માધ્યમો, આરોગ્ય અને સરકારી નોકરીઓના હક્કદાવા આગળ કરતો જાય છે. આ તમામ સગવડો પૂરી પાડવાની મહેનત કરવાનું આવે છે ગ્રામપ્રજા અને શહેરના નવા ઉદ્ભવેલા નીચલા થરને ભાગે. આ સમુદાય જ અનૌપચારિક અર્થતંત્રનો મોટો હિસ્સો છે. દેશની શ્રમશક્તિનો ૯૨%થી વધુ ભાગ અનૌપચારિક ક્ષેત્રમાં છે અને દેશના કુલ આંતરિક ઉત્પાદનના ૬૩% એને ફાળે જાય છે. ઉપરાંત રાષ્ટ્રીય અર્થતંત્રની બચતના ૫૦% તથા નિકાસના ૪૦%માં એનું પ્રદાન છે. આમ છતાં આ શ્રમજીવીઓની મૂળભૂત જરૂરિયાત પૂરી પડવાનું માળખું આપણી પાસે કાં તો નામ પુરતું છે અથવા તો નથી.

'સેવા'ના અનુભવને આધારે કહી શકું કે ગરીબ બહેનો આ પરિસ્થિતિનો મુખ્ય ઉકેલ બની શકે. આર્થિક સુધારણાના આયોજનમાં આપણે ગરીબ બહેનોને કેન્દ્ર સ્થાને રાખવી જોઈએ. ગરીબી દૂર કરવા માટેનું મુખ્ય સાધન રોજગાર છે, રોજગારની આસપાસ આપણે સહકારી આર્થિક માળખું રચવું જોઈએ. પ્રાપ્ય સંસાધનોના લાભ આ બહેનોને મળે, અને એમનાં કામોને મૂડીનો લાભ મળે એમ થવું જોઈએ જેથી એ મુખ્ય આર્થિક પ્રવાહમાં ભળી શકે તથા પ્રતિકારક પ્રભાવ ઊભો કરી શકે. એક એવું નેટવર્ક રચવું જોઈએ જેમાં, સામાજિક સુરક્ષા, સ્વાસ્થ્ય સંભાળ, બાળઆરોગ્ય, રહેઠાણ અને વીમાના લાભો સહુને મળે. વંચિત સ્વાશ્રયી બહેનોની ક્ષમતા વધે, એમની કાર્યશક્તિ વધે, એવા પ્રયાસો થવા જોઈએ જેથી તેઓ વૈયક્તિક તેમજ સામુહિક રીતે વૈશ્વિક બજારમાં પ્રવેશી શકે. લોકશાહીની સાચી પ્રક્રિયાથી જ લોકોનો, લોકો દ્વારા ચાલતો અને લોકો માટેનો દેશ સર્જી શકાય.

રોજગારી પર ધ્યાન કેન્દ્રિત કરવાથી જ તમામ સ્તરે આપણા અર્થતંત્રનો વિકાસ થશે. સ્વરોજગાર એક વ્યવસાયિક સાહસ છે અને ગરીબો દ્વારા એની પહેલ થાય છે તેથી એમાં અપાર શક્યતાઓ રહેલી છે. એનાથી વ્યક્તિના સામાજિક. આર્થિક અને રાજકીય એવાં તમામ પાસાઓ ખીલે છે. જીવનના સંઘર્ષમાં વંચિતો જે વ્યવસાયિક સાહસ દાખવે છે એને પોષણ આપવું જરૂરી છે. ધિરાણની તીવ્ર જરૂરિયાત ધરાવતાં ગરીબ શ્રમજીવી સમુદાય પર ધ્યાન આપીને બેંક ઉદ્યોગ આપણા અર્થતંત્રમાં ક્રાંતિ સર્જી શકે એવી સંભાવના છે. હજી સુધી વણસ્પર્શ્યા રહી ગયેલાં અને આર્થિક રીતે સક્રિય એવા એક વિશાલ સમૂહની અવગણના કરવાનું કોઈ પણ દેશને શી રીતે પાલવે?

ગરીબ સ્ત્રીઓને કેન્દ્રમાં રાખવાથી કૌટુંબિક સ્તરે પણ સુગ્રથિત વિકાસ સાધી શકાય છે. સ્ત્રીઓ મહેનતુ અને શક્તિસંપન્ન, જે કંઈ પાસે હોય તે વહેંચવાની ક્ષમતા ધરાવતી, તાકાતનો સંચય કરી પરસ્પર સહાયની રીત અપનાવનારી હોય છે. ગમે તેવા સંજોગોમાં પણ એ કુટુંબને સાચવવા અને પોષવાનું કામ કરતી રહે છે. એમને ઘર આંગણે કામ મળે એ જરૂરી છે, એથી એ પરિવારનું ધ્યાન પણ રાખી શકે છે. સ્થાનિક અને વૈશ્વિક બંને બજારોની એને જરૂરી રહે છે, એથી એ પરિવારનું ધ્યાન પણ રાખી શકે છે. સ્થાનિક અને વૈશ્વિક બંને બજારોની એને જરૂર રહે છે જેથી એનું ઉત્પાદન ત્યાં પહોંચે. એમને બેન્કની સગવડ, ધિરાણ, સ્વાસ્થ્ય સંભાળ, બાળસંભાળ, શિક્ષણ અને તાલીમની પણ જરૂર છે. જે સમાજમાં એ જીવે છે ત્યાં એનો અવાજ સંભળાય એય એટલું જ આવશ્યક છે. પ્રજામાં, પ્રજાજીવનમાં અને એમના ધંધા, ઉદ્યોગની પરિસ્થિતિમાં રોકાણ થવું જરૂરી છે, એના થકી જ દેશનું ઘડતર થઇ શકે. વંચિતો જ્યારે પોતાના ધંધા ઉદ્યોગને આધારે એકઠાં થાય છે અને ઉત્પાદન તથા વહેંચણીને વિકેન્દ્રિત કરતી, મૂડીસર્જન અને માલિકીને પ્રોત્સાહન આપતી, પ્રજાની ક્ષમતાને વિકસાવતી, સમાજસુરક્ષાઓ રચે ત્યારે એના વિકાસને આપણા પૂર્ણ સમર્થનની જરૂર છે. આપણે એવી નીતિની જરૂર છે જે સ્વાશ્રયને પ્રોત્સાહિત કરે, સ્થાનિક ધોરણે થતા આર્થિક સાહસને મદદ કરે અને તમામ સ્તરે ન્યાયી વહેંચણી જાળવે તથા સંસાધનોને

એકઠાં કરીને એનો ઉપયોગ કરે, આમ થાય તો પ્રજા સશક્ત બને, સ્થળાન્તર અટકે, શોષણ અને ભેદભાવ ઘટે અને ગરીબીની ખીણમાં થતા પતનને અટકાવે.

સક્રિય લોકશાહી માટે રાજકીય વિકેન્દ્રિતકરણ જરૂરી છે એ બાબત સામાન્ય શાણપણ તરીકે સહુ સ્વીકારે તો છે છતાં સત્તા અને સાધનોનું આર્થિક વિકેન્દ્રિતકરણ મોટે ભાગે ઉપેક્ષિત જ રહે છે. આ એક કમનસીબ પરિસ્થિતિ છે. ઉત્પાદન, કાબેલિયત, યંત્રસુવિધા અને સંસાધનોની માલિકી બધું જ કેન્દ્રિત રહે છે. પ્રગતિનો જાણે કે આ એકમાત્ર રસ્તો છે એમ માની લેવાયું છે. રાજકીય વિકેન્દ્રિતકરણ સાથે આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ ખૂબ જોખમી મિશ્રણ છે. શ્રમજીવીઓને વિશાળ ક્ષેત્રમાં સમાવી લઈને એમને પૂરી સહાય આપવી જોઈએ. આર્થિક ચિત્રમાંથી એમને ખસેડી લઈને એમના પર નિયંત્રણો લાદવા અનુચિત છે. આપણે ફેરિયાઓ, લારી ખેંચનારાઓ કે હાંસીયામાં રહેલા નાના ખેડૂતો સાથે આમ જ કરી રહ્યાં છીએ.

આપણા શહેરોમાં ફેરીયાઓનું બજાર ઠેર ઠેર ફેલાયેલું જોવા મળશે. આ બજાર માત્ર રાહદારીઓનું બનાવી દેવું જોઈએ. ત્યાં ફેરીયાઓને પાણીની, શિતાગારની અને કચરાના નિકાલની સગવડ આપવી જોઈએ અને પછી શહેર અને એની આસપાસના વિસ્તારમાં કેવું આવકારદાયક પરિણામ આવે છે તે જોવું જોઈએ. જાહેર વાહનવ્યવસ્થાને પણ જો ગરીબોના લાભમાં પ્રયોજી શકાય તો એમાં વિકાસની મોટી શક્યતા રહેલી છે.

એક તરફ કમાણીની તકો ઘટતી જાય છે. બાંધકામ મજૂરો યંત્રોના ઉપયોગને લીધે કે પછી રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય બાંધકામમાં સામૂહિક-કરાર પધ્ધતિના પ્રચલનને કારણે કામ ગુમાવી રહ્યાં છે. હાથવણાટના કારીગરોને કાચી સામગ્રી મળતી નથી. કારણ કે સૂતરની નિકાસ થાય છે. બદલાતાં સમય અને એની માંગની સાથે સાથે ગરીબ સ્વાશ્રયી મહિલાઓની આર્થિક પ્રવૃત્તિ બિનજરૂરી, નિરર્થક બનતી ગઈ છે. બીજી તરફ ઉદ્યોગ પરનાં નિયંત્રણો ઘટવાથી હસ્તકલા અને કાપડઉદ્યોગ તેમજ ખેતઉત્પાદન ક્ષેત્રમાં મહિલાઓ માટે ઊજળું ભવિષ્ય અને વિવિધ તકો જણાય છે.

૨૦૦૦માં જ્યારે શ્રમ અંગેના બીજા રાષ્ટ્રીય કમિશનમાં મારી નિમણૂંક થઇ ત્યારે અસંગઠિત ક્ષેત્રના શ્રમનાં જુદાં જુદાં ક્ષેત્રોને સમગ્રપણે આવરી લેતો એક જ ધારો હોય એવું અમે સૂચવેલું. શ્રમ સંદર્ભે એક સર્વગ્રાહી અભિગમ દાખવવાની આ તક હતી. રાષ્ટ્રીય આવકમાં પોતાનો ફાળો આપનાર દરેક સ્ત્રી કે પુરુષ કામદાર ગણાવા. આ વિચારણાને લીધે કામની એક વાસ્તવિક વ્યાખ્યા બંધાય તે જરૂરી છે. પ્રત્યેક કામદારની આર્થિક ભૂમિકાની અધિકૃતતા નક્કી કરવા માટે એને ઓળખપત્ર (એક વિશ્વાસપાત્ર) આપવાની પધ્ધતિ દાખલ પાડવાની ભલામણ કરી હતી. પણ એ સરકારનું પતન થયું, અને રાજ્યને નવી દિશામાં પ્રેરવાની તક અમે ગુમાવી.

કામકાજનાં અનેક પરિણામો છે, અને એની અર્થછાયાઓ પણ અનેક છે. એ અવનવા રૂપો ધારણ કરી શકે છે. અર્થપૂર્ણ કામ કામદારને રોજી આપે છે અને સમતોલ જીવન જીવવા સક્ષમ બનાવે છે. આમ છતાં સમગ્ર દુનિયામાં અમુક કામોને જ ઉત્તેજન અપાય છે એવાં કામો જે વૈશ્વિક બજારના અર્થકારણમાં બંધબેસતાં હોય. બીજું કોઈ પણ કામ જે આ સંકુચિત વ્યાખ્યામાં સમાવી શકાતું ન હોય તેને કાં તો રદબાતલ ગણવામાં આવે છે અથવા તો એનું ઓછું મૂલ્ય આંકીને એને નીમ્ન સ્તરનું લેખવામાં આવે છે. આર્થિક સિધ્ધાંતો આ પરિસ્થિતિને સમર્થન આપે છે અને નીતિનાં ઘડનારાઓ પણ આ દશાને સ્વીકારે છે જેને કારણે વિશ્વના કરોડો કામદારોને પોતાના પ્રતિનિધિત્વ કરવાના અધિકારમાંથી બાકાત રાખવામાં આવે છે. આપણા જ દેશમાં મોટા ભાગનાં શ્રમજીવી કામદારની આજની વ્યખ્યા મુજબના કામમાં સમાવેશ નથી થતો.

ત્યારે, આપણે પેલો મૂળભૂત પ્રશ્ન પૂછવાનો સમય છેવટે આવી ગયો છે કે 'કર્મ' એટલે શું?

- ઇ.

❑

# શ્રી ગુજરાત મહિલા લોક સ્વાસ્થ્ય સેવા સહકારી મંડળી લિ.ની ૨૯મી વાર્ષિક સાધારણ સભા

શ્રી ગુજરાત મહિલા લોક સ્વાસ્થ્ય સેવા સહકારી મંડળી લિ. ની ૨૯મી વાર્ષિક સાધારણ સભા તા.૨૮-૯-૨૦૧૯ રોજ ચંદા નિવાસ ખાતે, મંડળીના રમીલાબહેન પરમારના પ્રમુખ સ્થાને યોજાઇ ગઇ. જેમાં સમૂહ પ્રાર્થના, દીપ પ્રાગટય અને સ્વાગત વિધિ બાદ ઇલાબહેને સભા સદ બહેનોનો સ્વાગત કરી મિટીંગ આગળ ચલાવી.

ત્યારબાદ સાધારણ સભાની શરૂઆતમાં શ્રીકાંતભાઇએ ગત વર્ષના મિટીંગની મિનિટસ વાંચીને કહી જેને સભાસદોએ બહાલી કરી.

બાદમાં મંડળીના પ્રમુખ રમીલાબહેને મંડળીની કામગીરી વિસ્તૃતમાં આપતાં કહ્યું કે, આપણી મંડળી દ્વારા છેલ્લા ૨૯ વર્ષથી શ્રમજીવી બહેનો તથા તેમના કુટુંબીજનોને વિવિધ આરોગ્યલક્ષી સેવાઓ પહોંચાડવામાં આવે છે. જેમાં, ૧૮૦૧ સભાસદ છે. મંડળીનું કાર્યક્ષેત્ર અમદાવાદ, તાપી, ગાંધીનગર જિલ્લા અને અમદાવાદ તથા સુરત શહેરમાં છે. જે ૧૦ તાલુકાના ૧૪૬ ગામો અને ૧૩ વોર્ડમાં આરોગ્યલક્ષી કામગીરી બજાવે છે.

મંડળીનો મુખ્ય હેતુ શ્રમજીવી લોકોને વ્યાજબી ભાવે ગુણવત્તાસભર આરોગ્યલક્ષી સેવાઓ પહોંચાડવાનો છે. મંડળી દ્વારા રાહત દરની દવાની દુકાનો ચલાવવામાં આવે છે તથા આયુર્વેદ પ્રોડક્ટ્સના ઉત્પાદન કરવામાં આવે છે. મંડળીની આ દવાની દુકાનો દ્વારા એલોપથી (બ્રાન્ડેડ જેનેરીક), આયુર્વેદિક, હોમીયોપેથીક તથા સર્જીકલ વસ્તુઓ ૮૦% સુધીના ડિસ્કાઉન્ટથી આપવામાં આવે છે. બહેનો દ્વારા ૨૪ કલાક ચાલતી આ કુલ ચાર દવાની દુકાનો અમદાવાદ શહેરના લાલદરવાજા, સરસપુર, મણીનગર અને વાસણા વિસ્તારમાં આવેલી છે. મંડળીની આ બે પ્રવૃત્તિથી મંડળી પગભર થઇ છે, તે ઉપરાંત, વિવિધ આરોગ્યલક્ષી સેવાઓમાં આરોગ્ય શિક્ષણ, આરોગ્ય કેમ્પ-રેફરલ, સરકારી કાર્યક્રમ અને યોજનાઓ સાથે જોડાણ, સ્થાનિક સ્તરે આરોગ્યની

પ્રવૃત્તિમાં લોક ભાગીદારી જેવી આરોગ્યલક્ષી કામગીરી થાય છે.

દવાની દુકાનો માત્ર દવાના વેચાણ જ નહિ પરંતુ, દવાને લગતા શિક્ષણ જેમકે દવાનો ડોઝ, દવા લેવાની પધ્ધતિ, આડઅસર, અન્ય અસરકારક સારવારના વિકલ્પો, રાહતદરે લેબોરેટરી તપાસની સુવિધા, નિષ્ણાંત તબીબો તથા મ્યુનિસિપલ હોસ્પિટલની રેફરલ સેવા તથા સરકારની આરોગ્ય યોજનાઓ વિશે માહિતગાર કરવામાં આવે છે. મંડળીની દવાની દુકાનમાંથી સદ્વિચાર પરિવાર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું પુઅર પેશન્ટ ફંડ તથા કર્મચારી રાજ્ય વીમા નિગમને દવાઓ સપ્લાય કરવામાં આવે છે. વર્ષ દરમ્યાન આશરે ૪ લાખથી વધુ લોકોએ ૪,૯૫,૧૭,૯૨૫ રૂા.ની દવાઓની ખરીદી કરી છે.

આયુર્વેદ ઉત્પાદન એકમની કામગીરીમાં રમીલાબેને જણાવ્યું કે, ૨૦૦૭માં મંડળી દ્વારા શરૂ કરાયેલા આ એકમમાં ગુણવત્તાસભર, આડઅસર રહિત, સ્વાસ્થ્યવર્ધક, વ્યાજબીભાવની આયુર્વેદ પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરવામાં આવે છે. જેમાં કાચામાલના એકત્રીકરણ, ઉત્પાદન અને વેચાણના સ્તરે બહેનોને રોજગારી પૂરી પાડવાનો અને મંડળીને પગભર બનાવવાનો હેતુ છે. ૧૨ વર્ષથી થતા આયુર્વેદની ઉત્પાદનની વસ્તુઓમાં સ્ત્રીરોગ, ચામડીના રોગ, મસા, પથરી, શરદી, કફ, વા, એસીડીટી, કબજિયાત, વાળના રોગ, માનસિક તણાવ, અનિદ્રા, દુઃખાવો, હૃદયનું ટોનિક, કોલોસ્ટરોલ, લીવર ટોનિક તથા શક્તિવર્ધક ટોનિક, બાળકોના શારીરિક-માનસિક વિકાસ માટે સ્વાસ્થ્યવર્ધક વસ્તુઓનું ઉત્પાદન કરીએ છીએ.

આ વર્ષ દરમ્યાન બહારની કંપનીઓ માટે પણ ઉત્પાદન કર્યુ. આપણી દવાની દુકાનો, સ્ટોકીસ્ટ, ખાનગી ડૉક્ટરો, જોબવર્ક તથા સંસ્થાઓને કુલ ૪૯,૮૫,૫૨૧ રૂા.નું વેચાણ કરેલ છે. ડેપો હોલ્ડર તથા આયુર્વેદ સાથી તરીકે કામ કરતા સ્થાનિક આગેવાનો દ્વારા પણ ૬,૮૪,૦૯૦ રૂા.નું વેચાણ કરેલ છે. જેમાંથી તેમને રૂા. ૧,૧૩,૯૬૯ની આવક થયેલ છે. આયુર્વેદ પ્રોડક્ટસના ઉત્પાદન સાથે જોડાયેલ બહેનોએ રૂા. ૩,૪૩,૧૦૭ની આવક મેળવેલ છે. આયુષ ડિપાર્ટમેન્ટના સહયોગથી ૮મો વિશ્વ આયુર્વેદ કૉંગ્રેસ અને આંતરરાષ્ટ્રીય આરોગ્ય એક્ષ્પો-૨૦૧૮નું આયોજન કરવામાં આવેલ જેમાં ૫૦૦૦ લોકોને આપણી ઉત્પાદિત વસ્તુઓ અંગેની માહિતી આપવામાં આવેલી.

આરોગ્ય શિક્ષણ દ્વારા વિવિધ રોગોની માહિતીમાં ખાદ્યસુરક્ષા, ટીબી, વ્યસનથી થતા રોગો, કેન્સર, બીપી, ડાયાબીટીસ, કુટુંબ નિયોજન વગેરે માટે તાલીમો આપી જાગૃત્તિ દ્વારા ૩૭૩ પ્રદર્શન દ્વારા ૧૩૪૧૫ લોકો સુધી પહોંચ્યા. કુલ ૧૪૦૪ જૂથો ૨૪૯૩૯ બહનો અને યુવાઓને આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું. શ્રમજીવી લોકોને ઘર આંગણે ડૉક્ટરી તપાસ અને સારવાર મળી રહે તે હેતુથી વિસ્તારમાં માંગ મુજબ કેમ્પો કર્યા. કેમ્પ દરમ્યાન દર્દીને વધુ તપાસ અર્થે સરકારી હોસ્પિટલમાં રીફર કરી તેનું ફોલોઅપ કર્યુ. આમ, સરકાર સાથે જોડાણ કરીને ૧૨૯ કેમ્પ કરીને ૫૨૩૧ લોકોએ તેનો લાભ લીધો તેમજ સરકાર દ્વારા ૧૭૨ કેમ્પ કરવામાં આવ્યા જેનો ૫૮૩૮ લોકોએ લાભ લીધો.

રેફરલ સેવા દરમ્યાન આ વર્ષે વિસ્તારના કુલ ૫૯૦ લોકોને વિવિધ હોસ્પિટલમાં સારવાર કરાવી જેમાં, પ્રજનન સ્વાસ્થ્ય, વારસાગત, બિનચેપી રોગ, ચેપીરોગ, આંખની તકલીફ, શરીરના અલગ-અલગ દુઃખાવા વગેરે હતાં. સાથે, સભ્યોને ખાસ શિક્ષણ પણ આપ્યું કે સરકારી વીમા જેવા કે, આર.એસ.બી.વાય.કાર્ડ, મા અમૃત્તમ કાર્ડ, મા વાત્સલ્ય કાર્ડ તથા આયુષ્માન ભારત કાર્ડની ઉપયોગની જાણકારી આપી જેથી સભ્યો માંદગીમાં તેનો લાભ મેળવી શક્યા.

સરકારી કાર્યક્રમ અને યોજનાઓ સાથે જોડાણ કરી વિસ્તારની જરૂરિયાત જાણવા સભ્યો સુધી સેવાની પ્રવૃતિઓની માહિતી પહોંચાડવા તથા સરકારી યોજનાઓની માહિતી પહોંડવા માટે નાના જૂથોમાં વિસ્તારોમાં મિટીંગ કરવામાં આવી. આરોગ્યની વિવિધ સેવા પુરી પાડવા માટે નિષ્ણાંતો, નર્સ, લીકવર્કર, આશાવર્કર, તાલુકા આરોગ્ય અધિકારી થતા મેડીકલ ઑફિસર સાથે ગાઢ સંકલન કરીએ છીએ. જાણકારીના અભાવના લીધે ઘણાં લોકો સરકાર દ્વારા મળતાં લાભથી વંચિત રહી જાય છે માટે, લોકો સુધી સરકારી સેવાઓ અને યોજનાઓ પહોંચે અને તેમાં સુધાર આવે તે હેતુથી સેવા શક્તિ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યા. સેવા શક્તિ કેન્દ્ર દ્વારા સરકારી યોજનાઓ સાથે જોડાણ કરી ૨૦૫૧૭ લોકોને માહિતી આપી. જે આરોગ્ય સેવિકાઓ દ્વારા ચલાવવામાં આવે છે.

મંડળીના હિસાબોનું સરવૈયું વિગતે મંડળીના હિસાબનીશો દિપિકાબહેન અને કરીશ્માબહેને વંચાણે લીધું. જેને સૌએ મંજૂરી આપી. આપણી દવાની દુકાનોની આજુબાજુ ઘણી બધી ડિસ્કાઉન્ટ આપતી દુકાનો વધી છે. આ હરિફાઈની સાથે દવા બજારમાં આવેલા ઘણાં ફેરફારોની અસર આપણા વેચાણ પર પડી છે. બીજું કે, જનઔષધિ સરકારની દવાઓ મફતમાં છે. જેથી વેચાણ ઘટયું છે તેની પણ સમજ સભાસદોને આપી.

આરોગ્ય સમિતિની વાત કરતાં શોભનાબહેને જણાવ્યું કે, મહિલા આરોગ્ય સમિતિનો કાર્યક્રમ કોર્પોરેશન દ્વારા ‘સેવા’ને ૭૫ સમિતિની રચના માટે કહયું હતું. હાલમાં આપણી અમદાવાદ શહેરમાં ૭૭ સમિતિ કાર્યરત છે. જેમાં આગેવાન બહેનો સ્થાનિક સભ્ય બહેનો અને આશાવર્કર બહેનો જોડાયેલા છે. સેવાના સભ્ય બહેનોને સરકાર સાથે જોડાણ કરી વિસ્તારમાં સ્વચ્છતા જાળવે અને લોકો નિરોગી રહે તેના માટે માર્ગદર્શન પુરું પાડીએ છીએ. સરકારી સંકલનમાં વધારે ને વધારે લોકો દવાઓ ‘અર્બન હેલ્થ સેન્ટર’નો ઉપયોગ કરે જેથી એમના રોજગારીના દિવસો અને આવકમાં વધારો થાય તે રીતે આપણે કાર્યરત છીએ. આ કાર્યક્રમ સાથે આપણે કિશોર-કિશોરીઓને પણ જોડીએ છીએ.

‘સેવાના મંત્રી યાસ્મીનબહેને આરોગ્ય સેવાની વાત કરતાં જણાવ્યું કે, શરૂઆતમાં ‘અમદાવાદ શહેરમાં સરકાર સાથે રહીને સંકલન કરી જે શ્રમજીવી સભ્ય બહેનોને સેવાઓ પહોંચાડતા હતા. અત્યારના કામોમાં ઘણા સુધારા આવ્યાં છે અને લોકોમાં પણ જાગૃતિ આવી છે કે, પોતાના ‘અર્બન હેલ્થ સેન્ટર’માં કઇ-કઇ આરોગ્ય સેવાઓ મળે છે. પ્રાથમિક આરોગ્ય સેન્ટર ગામોમાં હોય છે. અમદાવાદ શહેરમાં ‘અર્બન હેલ્થ સેન્ટર’ હોય છે. જેમાં ૭૫ હજારની વસ્તીમાં ત્યાં એક ‘અર્બન હેલ્થ સેન્ટર’ હોય છે. હાલમાં ૪૬ ‘અર્બન હેલ્થ સેન્ટર’ કાર્યરત છે. હાલમાં ‘આયુષ્માન ભારત’ કાર્યક્રમ આવ્યો છે જેમાં, ૧૧ ‘હેલ્થ વેલ ઇન સેન્ટર’ ખુલ્યા છે

જેનું કામ ચાલી રહયું છે. આ માટે આપણા સભ્યોમાં આ યોજનાની જાગૃતિ માટે કામ કરીએ છીએ સાથે વિઝિટ પણ કરાવીએ છીએ જેથી લોકો ત્યાં જતા થયા છે. 'અર્બન કેલ્થ સેન્ટર'માં પ્રાથમિક દવાઓ, કુટુંબ નિયોજક અથવા કોપર્ટી મુકાવવી હોય તે પણ મળે છે. ૧૦ સી.એલ.સી. સેન્ટર અમદાવાદ શહેરમાં છે જ્યાં ખાસ સુવાવડની સુવિધા મળે છે, જે 'અર્બન હેલ્થ સેન્ટર'માં નથી. અત્યારે ખાસ બિન ચેપી રોગો વધી રહયા છે જેની દવા પણ અહી ઉપલબ્ધ છે. બીપી-ડાયાબીટીસની દવાઓ પણ ઉપલબ્ધ છે. આ બધી સેવાઓનો પ્રચાર-પ્રસાર આશાબહેનો દ્વારા થઇ રહેલ છે.

વ્યારાના આગેવાન ખેતમજુર સંગીતાબહેન સેવા શક્તિ કેન્દ્ર વિશે વાત કરતાં કહયું કે, અમારા ગામોમાં સરકાર દ્વારા ઘણી સમિતિઓ ચાલે છે પણ એ સમિતિઓમાં કોણ બેસે છે, શું કામ કરે છે એની ખબર ગામના લોકોને નહોતી. જ્યારે આપણે 'સેવા શક્તિ કેન્દ્રો' શરૂ થયા તેના દ્વારા માહિતી મળતી થઇ. ગામની બહેનોને સભ્ય બનાવીને આ સમિતિ સાથે જોડાણ કરાવાનું કામ કરીએ છીએ. ગામની શાળામાં એસ. એમ. સી. સમિતિ ચાલે છે. ગામની શાળા વ્યવસ્થિત ચાલે, સ્વચ્છતા જાળવણી, કોઇ પ્રોગ્રામ હોય તે શુપેરે થાય માટે આ સમિતિ કાર્ય કરે છે. આપણા ગામનું ભવિષ્ય એટલે નાના બાળકથી શરૂઆત થાય. બાળકોના વાલીઓને આ સમિતિમાં રાખ્યા છે જેથી લોકો સરકારી યોજનાથી માહિતગાર થાય.

વ્યારાના ખેતમજુર આગેવાન નર્મદાબહેન પોતાનાં અનુભવની વાત કરતાં જણાવ્યું કે, જ્યારે હું સંજીવની સમિતિમાં હતી ત્યારે, ત્યાંના લોકો માત્ર સહી કરીને લઇ લેતાં હતાં. બીજું કઇ ખબર નહોતી. સેવામાં જોડાઇ ત્યાર પછી મારો ઘણો શક્તિ વિકાસ થયો છે. આરોગ્યનું કામ તાપી જિલ્લામાં શરૂ થયું ત્યારથી વ્યારા-તાપીની 'મેઘા મંડળી' દ્વારા ગામડામાં દવાનું વેચાણ કરું છું. સોનગઢના નાનાકાકડકૂવા ગામના આપણા સભ્ય બેનને ૬ વર્ષથી ગર્ભ રહયો ન હતો. બહારથી ઘણી દવાઓ તેમને લીધી હતી, પણ કોઇ ફરક નહોતો પડયો. પછી આપણી સર્વાહિતાની દવા લેવાનું શરૂ કર્યુ ને તેઓને હમણાં બાળક આવ્યો. ઘણી ઉપયોગી છે આપણી આયુર્વેદિક દવાઓ. હાલમાં જમીન વારસાઇનું કામ પણ કરું છું.

સભામાં આવેલ મહેમાન અને મંડળીના ઑડિટર રાજેશભાઇએ મંડળીનો નફો ઘટવા બાબતે સલાહ-સૂચન કર્યા.

મંડળીના સુઝાનબેને સભાસદોનાં મંતવ્યો લઇ આયોજન માટે કહયું કે, આપણે આગળ વધીશું ને આ વર્ષે મંડળીનું વેચાણ એક કરોડનું કરીશું. આ વર્ષે ૩૮૫ ગ્રુપ બનાવી આઠ હજાર બહેના, કિશોર-કિશોરીઓ તાલીમ સાથે જોડાવાની છે. સેવા શક્તિ કેન્દ્રના કામને વધુ આગળ વધારી બહેનોનું જોડાણ કરી સરકારી યોજાનાની માહિતીનો લાભ વધુ બહેનોને અપાવીશું.

મંડળીને પગભર કરવા સભાસદ રોશનબહેનનું સૂચન હતું કે, આપણે આપણું શેરભંડોળ વધારવું જોઇએ જેથી મંડળી પગભરતાની દિશામાં આગળ વધે..

સાણંદ તાલુકાના નિધરાડ ગામના ખેતમજુર ઉમિયાબહેન કહે, મને ઘણા સમયથી એલર્જી હતી પણ આપણી અયુર્વેદિક લીમડાનો સાબુ વાપર્યો હવે મને એલર્જી મટી ગઇ છે.

દસક્રોઇ તાલુકાના ખેતમજુર અને આગેવાન કૈલાસબહેને, સમિતિઓમાં રાશનકાર્ડનો જથ્થો પૂરતો મળે તેનું ધ્યાન રાખીશું.

સુરતના સભાસદ સત્યવતીબહેન સૂચન આપતા કહયું કે, અપની મંડલી દ્વારા સબ દવાઇ મીલતી હૈ પર મેરા સુજાવ હૈ કી ભાઇ લોક બહુત શરાબ પીતે હૈ. ઇસ વજહ સે બહેનો કો બહુત પરેશાનીયાં ઉઠાની પડતી હૈ. એસી કોઇ દવાઇ બનાયે જીસ સે શરાબ કી લત છુટ જાયે. યે એક દવાઇ કી બહોત જરૂરત હૈ. જીસ સે કઇ બહેનો કે ઘરમે સુખ શાંતિ આ જાયેગી!

રાજસ્થાન બિકાનેરથી લીલાબહેન અને કમળાબહેન આવેલા તેઓ કહે છે કે, હમ સંગઠન કા કામ કરતી હૈ ૯ હજાર સભ્ય સંગઠન સે જુડે હૈ. અગર આયુર્વેદિક દવાઇ કા કામ હમારે વહા ભી શુરુ હો જાયે તો બહેનો કો બહુત રાહત મિલેગી...

આ સાથે મિરાઇબેને ઉમેર્યુ કે, આ વર્ષે આપણે આપણા ગામોમાં, મોહલ્લાઓમાં, જિલ્લાઓમાં આપણી દવાનું અને આયુર્વેદનું વેચાણ એક કરોડનું કરીશું. જો કે આપણે, સરકારશ્રીને રજૂઆત કરીએ છીએ કે ગરીબોને મફત સારવાર અને દવા મળે. જેથી, તેઓ ગરીબીના વિષચક્રમાંથી બહાર આવે. આ માટેની નીતિ બને છે પણ આપણાં સુધી પહોંચતા વાર લાગે છે. દૂર દૂર અંતરિયાળ ગામડાઓમાં હજુ સરકાર પહોંચી નથી ત્યાં આપણી સેવા પહોંચી છે. ત્યાં બહેનોની માંગ છે કે, આયુર્વેદની દવાઓ એમને જોઇએ છે. આપણા જે ચાર સ્થંભ છે તે દવાનું વેચાણ, આયુર્વેદનું વેચાણ, અન્ય આરોગ્યલક્ષી ચીજવસ્તુઓનું વેચાણ અને સેવાઓને સાથે રાખીને આપણે પહોંચવા વધુ મહેનત કરીશું.

મંડળીના ૫ વર્ષના હિસાબોનું સરકારી ખાતાનું ઓડિટ થયું છે. જેમાં મંડળીને 'અ' વર્ગ મળ્યો છે જેના માટે મંડળીને અભિનંદન પાઠવ્યા. વધુમાં જણાવ્યું કે, 'સેવા' ભારત સાથે મળીને એક નવો કાર્યક્રમ શરૂ કર્યો છે. જેનું નામ 'મહિલા ઉદ્યમ વિકાસ' છે. જે આપણી જેવી મંડળીઓને વધારે સક્ષમ બનાવે શક્તિવિકાસ કરી આગળ વધારવાનું કામ કરે છે.

આ વર્ષે મંડળીના કારોબારીની ચૂંટણી કરવામાં આવી. જેમાં ફેડરેશનના જયાબહેને આ કામ સુપેરે પાર પાડયું.

નવી ચૂંટાયેલી મંડળીની કારોબારીને અભિનંદન પાઠવતા મિરાઇબહેને કહયું કે, આગલા પાંચ વર્ષ માટે આપણે જ વિચારવાનું છે જેથી મંડળી વધુ પગભર થાય ને મન મક્કમ કરી હજુ ગુજરાતના છેવાડા ગામોમાં આપણે આયુર્વેદની દવાઓ પહોંચાડી છે જે હવે બીજા રાજ્યોમાં પણ પહોંચે અને વધુ બહેનોને આપણી મંડળી દ્વારા લાભ મળતો થાય.

અંતમાં, મંડળીના મેનેજર ઇલાબહેને મહેમાનોનો આભાર માનતા કહયું કે, મંડળીના વિકાસ માટે નિયામક મંડળના સભ્યો, સભાસદો તથા સલાહકારોનો સતત સહકાર અને માર્ગદર્શન મળી રહયું છે. મંડળીના તમામ કાર્યકર્તાઓએ ખૂબ જ ખંતપૂર્વક મહેનત કરી સેવા આપી છે. તે બદલ મંડળી વતી સૌનો ખૂબ આભાર અને અભિનંદન પાઠવ્યા ને 'અમે પાર કરીશું....' ગીત ગાઇને સૌ છુટા પડયા.

**- ગોમતી**

❑

# સંગિની મહિલા બાલસેવા સહકારી મંડળી લિમીટેડની

### વાર્ષિક સાધારણ સભા વર્ષ - ૨૦૧૯

શ્રી સંગિની મહિલા બાલસેવા સહકારી મંડળીની ૩૪મી વાર્ષિક સાધારણ સભા તા.૨૮ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ ચંદાનિવાસ ખાતે પદ્માબહેને હેડાઉ કે જેઓ મંડળીનાં મેનેજર છે તેમણે હાજર સભાસદ બહેનો, કિશોર-કિશોરીઓ અને કારોબારી સભ્યોનું હાર્દિક સ્વાગત કરતા આ વાર્ષિક સાધારણ સભાની શરૂઆત કરી સહુને આવકાર્યા અને જણાવ્યું કે, સંગિની મહિલા બાલસેવા સહકારી મંડળીનો હેતુ શ્રમજીવી બહેનોના બાળકો માટે બાલસેવાની સુવિધા પુરી પાડવાનો અને તેમના પરિવારનું જીવન સ્વસ્થ અને ઉજળું થાય તે માટે સતત પ્રયત્નશીલ રહેવાનો છે.

અમદાવાદમાં બિહાર અને ઉત્તરપ્રદેશમાંથી કમાવવા માટે કામદારો આવે છે. તેમની પાસે બાળકને સ્કૂલમાં મૂકવા માટેના કોઈ પુરાવા હોતા નથી, તેથી બાલસેવામાં ભણેલા બાળકોને મંડળી દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવે છે જે તેમને સ્કૂલમાં પ્રવેશ લેવા માટે બહુ ઉપયોગી થાય છે જે નાની વાત નથી!

મંડળીના પ્રમુખ જશોદાબહેન પરમારે મંડળીનો પ્રવૃતિ અહેવાલ વિગતે વાંચી સંભળાવતા જણાવ્યું કે, મંડળીને ૩૪ વર્ષ પૂરા થયા છે જેમાં મંડળીના કુલ ૬૧૦ સભાસદ છે.

અમદાવાદ શહેરનાં શ્રમજીવી વિસ્તારમાં વર્ષ દરમ્યાન કુલ ૧૩ કેન્દ્રો ચલાવવામાં આવ્યા જેમાં, ૪૧૦ બાળકોના સર્વાંગી વિકાસ માટે પોષક આહાર, પૂર્વ પ્રાથમિક શિક્ષણ, રસીકરણ, સગર્ભા અને ધાત્રી માતાઓની આરોગ્ય તપાસ, બાળકોનું દર મહિને નિયમિત વજન/ઊંચાઇ અને ગ્રોથ મોનિટરીગ, રીફર (નબળા બાળકોને) સેવા પરિચય, પ્રાર્થના, હળવી કસરતો, બાળગીતો, બાળવાર્તા, અભિનય ગીતો, ચિત્રકામ તેમજ વિદાય સમારંભ, ગાંધી વિષયક જ્ઞાન, શૈક્ષણિક પ્રવાસ, વાલી મિટીંગ, ત્રિમાસિક પિતા મિટીંગ અને બાલસેવિકાના શક્તિ વિકાસની પ્રવૃતિ કરવામાં આવી. જેમાં ૩૧ બાલસેવિકા બહેનો જોડાયેલા છે.

આપણે સૌ જાણીએ છીએ કે, માનવજાતના વિકાસનો મહત્વનો ચઢાવ ત્યારે જ સંભવ છે જયારે આપણે દરેક બાળકને તેમના બાળપણના વર્ષોની શ્રેષ્ઠ શરૂઆત આપી શકીએ. દરેક બાળકને સારી કક્ષાનું મૂળભૂત શિક્ષણ મળી રહે તેવી ખાત્રી આપીએ અને તરુણ અવસ્થાની કિશોર-કિશોરીને તેમની ક્ષમતા પ્રમાણે વિકસવાની અને સમાજમાં અર્થપૂર્વક ભાગ લેવાની તક આપીએ.

'સેવા'ની સભ્ય બહેનોની પહેલી જરૂરિયાત જાણીને બાલસેવાને શરૂ કરવામાં આવી છે. સભ્યો પોતાનાં બાળકો બાલસેવા કેન્દ્રમાં મૂકેલાં હોવાથી બહેનો શાંતિથી કામ-ધંધા કરી શકે. જેનાથી તેમની આવક પણ બમણી થાય છે. કારણ કે, આપણાં બાલસેવા કેન્દ્રો સભ્યોના કામનાં સમય પ્રમાણે ચાલે છે.

બાલસેવા કેન્દ્રમાં બાળકોની તંદુરસ્તીનો વિકાસ થાય તેમજ બહેનોને રોજગારી અને સામાજિક સુરક્ષા મળી રહે તેવા પ્રયાસમાં નવા માર્ગ મળી રહે છે. બહેનોના ઘરમાં પૌષ્ટિક આહાર અને અન્ય સુવિધાઓ પ્રાપ્ત થાય છે. તેમજ, બાલસેવામાં બાળકો આવવાથી મોટા ભાઇ બહેન સ્કૂલે જતા થાય છે. છેલ્લા ચાર દાયકાથી આ સેવા આપવામાં આવી રહી છે.

આરોગ્ય તપાસની વાત કરું તો, બાલસેવાનાં ૧૩ સેન્ટરોના બાળકોને ત્રણ મહિને નજીકના 'અર્બન હેલ્થ સેન્ટર' તેમજ નજીકના ડૉક્ટર દ્વારા ૪૧૦ બાળકોની તપાસ કરાવી રસીકરણ કરાવ્યું છે. બાલસેવા કેન્દ્રમાં મમતા દિવસની ઉજવણી કરી. જેમાં, ૮૩૧ બહેનોએ ભાગ લીધો હતો. પોલીયોના ટીપા ૧૦૯૧ બાળકોને અપાવ્યા હતા. ઘરે-ઘરે જઇને ૪૩૯૧ બહેનોનો સંપર્ક કર્યો છે. ૭૫ બહેનોને સરકારી કે ટ્રસ્ટ દ્વારા રીફર કર્યા છે. કેન્દ્રો દ્વારા ૬૯૯ સભ્યોની આંખોની તપાસ કરાવી તેમાંથી ૧૭૫ને ચશ્મા અપાવ્યા અને ૧૧ લોકોને મોતિયાના ઑપરેશન કરાવ્યા.

દરેક કેન્દ્રમાં વાલી મિટીંગ કરવામાં આવે છે જેમાં, ૫૦% પિતા ભાગીદારી લેતા થયા છે. આ મિટીંગમાં બાળવિકાસને લગતા વિષય અને બાળ ઉછેરમાં વાલીઓની જવાબદારી, પાણી જન્ય રોગ, સ્ત્રી રોગો અને માનસિક રોગની ચર્ચા કરવામાં આવે છે.

બાલસેવા કેન્દ્રમાં ઓછો ખર્ચ, ઓછા મસાલા અને તેલમાંથી કેવી રીતે પૌષ્ટીકતા જળવાય તેવા ઉદ્દેશ્યથી વાનગી હરિફાઈ મંડળી યોજે છે.

બાળકોને શૈક્ષણિક પ્રવાસ ગોઠવીએ છીએ જેનાથી, બાળકોને પર્યાવરણની ઓળખ તેમજ નવું નવું જાણવાની અને જોવાની જિજ્ઞાસવૃતિ સંતોષાય તે ઉદેશથી મંદિર-મસ્જિદ, કાંકરિયા અને ગાંધીનગર જેવા સ્થળોએ પ્રવાસ લઇ ગયા હતા.

સંગિની મંડળી દ્વારા બાળકોના ભણતરનો પાયો મજબૂત બનાવવામાં આવે છે. ભવિષ્યમાં બાળકો ખૂબ ભણે અને જીવનમાં પ્રગતિ કરે, ભારત દેશનાં શ્રેષ્ઠ નાગરિક બને તેવી શુભેચ્છા પાઠવતો કાર્યક્રમ એટલે વિદાય સમારંભ. આ વર્ષે ૧૨૧ બાળકોને ''સંગિની મંડળી'' દ્વારા સર્ટીફિકેટ આપી એડમીશન અપાવ્યા છે. તેમાંથી ૫૧ બાળકોને રાઇટ ટુ એજ્યુકેશન હેઠળ નિશાળોમાં દાખલ કરાવ્યા.

બાળકોને તહેવારોનું મહત્વ શું છે તેમજ દરેક બાળક અને સમુદાયમાં એકતાની ભાવના જળવાઈ રહે તે માટે સ્થાનિક ફાળાથી તહેવારોની ઉજવણી કરવામાં આવે છે.

વર્ષ દરમ્યાન કુલ ૯ 'સેવા' શકિત કેન્દ્રોનું સંચાલન કરવામાં આવ્યું જેમાં, સભ્યોના આરોગ્યને લગતી માહિતી, સામાજીક સુરક્ષા અને સરકારી યોજનાઓ માટે જરૂરી દસ્તાવેજની માહિતી દરેક સભ્યને મળે જેથી તેઓ તેનો લાભ લઈ શકે તે હેતુથી સેવા શકિત કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા હતા.

વાલી મિટીંગમાં બહાર આવ્યું કે, કામ કરનાર બહેનોને માનસિક અને શારીરિક નુકશાન પહોંચે છે જેની તેમની આવક પર અસર થાય છે. ઊંડાણ પૂર્વક જાણકારી મેળવવા અમદાવાદ શહેરના ચાર વિસ્તારનાં કામદાર બહેનોના સર્વે કરી તેમના કામમાં રહેલ જોખમ અને તેનાથી થતી આડઅસર સામે કયા પગલા લેવાં તેનું શિક્ષણ તેમને આપવામાં આવશે.

મંડળીની પ્રવૃત્તિનો નાણાંકીય અહેવાલ મંડળીના અકાઉટન્ટ સ્મૃતિબહેને સર્વે સભ્યોને વાંચીને સંભળાવ્યો અને સૌની મંજુરીથી બહાલ કર્યો.

આગલા વર્ષની પ્રવૃતિના આયોજનમાં હંસાબહેને કહયું કે, દરેક કેન્દ્રમાં ૩૦ બાળકોને રાખીશું. ગુણવત્તા સભર નાસ્તો આપીશું અને બાળકોનું ગ્રથ મોનિટરીગ કરીશું. બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપી વધુ બાળકોને રાઈટ ટુ એજ્યુકેશન સાથે જોડીશું.

**બાલસેવા કેન્દ્રના બાળકોની માતા અને ભણી ગયેલ કિશોરીઓના મંતવ્યો જોઈએ તો;**

- વટવા વિસ્તારના ઘરકામ કરતાં રેશમાબાનુ કહે છે, મેરી બચ્ચી ૩ મહિને કી થી તબસે મેને ઇસકો બાલસેવા કેન્દ્રમે રખા થા. અભી ચલને ફીરને લગી હૈ. બહુત અચ્છી તરહ સે મેરી બચ્ચીકો બહેનો સંભાલતી હૈ ઔર મેં સુકુન સે અપને કામ પે જાતી હૂં. જિસસે મેરી કમાઈ બઢી હૈ.
- ૬ મહિનાનો મારો દીકરો હતો, ને તેને સરસપુર બાલસેવા કેન્દ્રમાં મૂક્યો હતો. પહેલા બહું રડતો હતો હું કામ કરવા જઇ નહોતી શકતી એને મુકીને. કેન્દ્રમાં બધા બાળકો સાથે રહીને સમજણો થઇ ગયો છે. હવે રડતો નથીને કેન્દ્રમાં જઇ ખાવાનું અને ભણવાનું પણ શીખી ગયો છે. તેમ બાપુનગરના ઘરેલુ કામદારો લીલાબહેને ઉભા થઇને પોતાની વાત કરી.
- રેડિમેડ સિલાઇકામ કરતાં રેણુકાબહેન પટણી ચમનપુરામાં રહે છે તેમણે જણાવ્યું કે, મારો દિકરો ૯ મહિનાનો હતો તે કંઇ ખાતો નહતો, બાલસેવા કેન્દ્રમાં તેને મૂકયો. ત્યાં કેન્દ્રની બહેનો મારા દિકરાની સારી રીતે સાર-સંભાળ રાખે છે. હવે એ બધું ખાતો પિતો થઇ ગયો છે અને બોલતા પણ શીખી ગયો છે. હવે હું કોઇ જાતની ચિંતા વગર મારું કામ કરી શકું છું.
- વધુ ઉમેરો કરતાં પઠાણની ચાલીમાં રહેતી અર્પિતાબહેન કહે, અત્યારે હું ૮માં ધોરણમાં ભણું છું. હું પણ બાલસેવા કેન્દ્રમાં દિવ્યાબહેન અને સુમિત્રાબહેનના હાથે ભણી છું. રમવાની ને જમવાની અમને ખૂબ મજા આવતી હતી. એ દિવસો મને બહુ યાદ આવે છે હું એમનો દિલથી આભાર માનુ છું.

સાધારણ સભાની મિટીંગને આગળ ચલાવતા મિરાઈબહેને મંડળીને અભિનંદન પાઠવતા જણાવ્યું કે, આ વર્ષે આપણે રિઝર્વ બેંકમાં બાલસેવા કેન્દ્ર શરૂ કર્યું છે અને બર્મા દેશની બોર્ડર નાગાલેન્ડમાં પણ સેવાનું કામ શરૂ કર્યુ છે. એ આપણા માટે મોટી વાત કહેવાય.

વધુમાં જણાવ્યું કે, આ વર્ષ દરમ્યાન સરકારી ઓડીટ થયું જેમાં આ વર્ષે પણ મંડળીને 'અ' વર્ગ મળ્યો છે. આપણે સૌ જાણીએ છીએ કે, બાળકના પહેલાનાં ૬ વર્ષ ઘણાં મહત્વના હોય છે. જેની પાછળ આપણી સેવિકાબહેનોની બહુ મહેનત રહેલી છે. બાલસેવા કેન્દ્રને ચલાવવું સરળ નથી. બહુ મહેનતનું કામ છે તેમજ, ખર્ચાળ પણ છે.

અમદાવાદ શહેરના વિસ્તારમાં ઘણા એવા કેન્દ્રો પણ ચાલતા હોય છે જ્યાં નાનાં-નાનાં બાળકોને જેમના હાથ એકદમ નાજુક હોય છે તેમના હાથમાં નોટ-પેન્સિલ થમાવી દેતા હોય છે જેમને પરાણે લખવા માટે કહેતા હોય છે. આ બધી ખોટી પદ્ધતિ છે. એનાથી બાળકોના મગજ પર અસર થાય છે. એના માટે આપણે બાલસેવાનું કામ વધુ સારી રીતે કરવાનું છે. અને બીજી બહેનોને તૈયાર કરી એમનો શક્તિવિકાસ કરીશું.

મંડળીના ઓડિટર રાજેશભાઈએ મંડળીને સૂચવ્યું કે, મંડળીને પગભર કરવા મોટી મોટી કંપનીઓના પ્રોફીટના ૩% સીએસઆરમાં ખર્ચવાના હોય છે તેમની સાથે સંકલન કરી જો આપણી મંડળી સીએસઆરમાં કવર થતી હોય તો આપણને ભંડોળ સારું એવું મળી રહે તેમ છે.

ઉપસ્થિતિ મહેમાનોનો ફરીથી આભાર માનતા પદ્માબહેને અંતમાં એક સૂરમાં 'અમે પાર કરીશું' ગીત ગાઈને અને 'હમ સબ એક હૈ'ના નારા સાથે સાધારણ સભાની પૂર્ણાહૂતી કરી.

**- ગોમતી**

❑

## સેવા સમાચાર

# 'સામુદાયિક રૂડીનો રેડિયો'ને મળ્યો સાતમો રાષ્ટ્રીયસ્તરનો અવોર્ડ

'સેવા' અકાદમી દ્વારા સંચાલિત 'સામુદાયિક રૂડીનો રેડિયો'ને સાતમાં રાષ્ટ્રીય સામુદાયિક રેડિયો સંમેલનમાં માહિતી અને પ્રસારણ મંત્રીશ્રી પ્રકાશ જાવડેકરના વરદ હસ્તે બીજા નંબરે અવોર્ડ આપવામાં આવ્યો. ૨૮ ઑગસ્ટ ૨૦૧૯ના રોજ માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા આંબેડકર ભવન, નવી દિલ્હી ખાતે સામુદાયિક રેડિયોની કાર્યશાળા યોજાઇ. આ કાર્યશાળામાં રાષ્ટ્રીય સામુદાયિક રેડિયો સંમેલનમાં વિવિધ રાજ્યોના પ્રતિનિધિઓએ ભાગ લીધો.



**માહિતી અને પ્રસારણ મંત્રીશ્રી પ્રકાશ જાવડેકરના હસ્તે એવોર્ડ સ્વીકારતાં બાલુબહેન.**

'સામુદાયિક રૂડીનો રેડિયો'માં 'રૂડીનો રેડિયો'નામે એક કાર્યક્રમ રોજ પ્રસારિત કરવામાં આવે છે, જેમાં સમુદાયને લગતા વિવિધ વિષયો આવરી લેવામાં આવે છે, ક્યારેક આરોગ્ય, પર્યાવરણ, તહેવારો, સાહિત્ય અને લોકગીતો અને લોકસંગીતનો આસ્વાદ કરાવે છે. 'સામુદાયિક રૂડીનો રેડિયો'ના શ્રોતા મોટા

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2018-20
Issued by S.S.P. Valid up to 31-12-2020.

Ahmedabad P.S.O.
6-9-2019

ભાગે ખેડૂતો અને ખેતમજુરો હોય છે તેમને મન 'વસંત પંચમી'નું મહત્વ વધારે હોય છે. આ વખતે આપણે નવીન રીતથી પ્રેરિત કરવાનો પ્રયાસ કર્યો અને પર્યાવરણની સાથે-સાથે દીકરી પર થતા અન્યાયને રોકવાની પ્રતિજ્ઞા લીધી છે.

જેમાં 'વસંત પંચમી'ના રોજ ખાસ 'માસિક ધર્મની સમજ' પર કાર્યક્રમ પ્રસારિત કરવામાં આવ્યો હતો, આ કાર્યક્રમ તૈયાર કરવા માટે દક્ષિણ ભારતની બહેનનો ઇન્ટર્વ્યૂ લીધો હતો. જેમાં, તહેવાર અને ધર્મની વાતની સાથે તેમણે તેમને ત્યાં જ્યારે દીકરી પહેલી વાર માસિક ધર્મમાં બેસે ત્યારે, એક પ્રસંગની જેમ સગા-સ્નેહીને બોલાવી આ પ્રસંગનો આનંદ વ્યક્ત કરતાં કહે, ''અમારી દીકરી હવે મોટી થઇ, હવે એ સ્ત્રીત્વમાં પ્રવેશી છે.'' આવી જ વાતને એક નવીન વિચાર અને આપણા પ્રદેશમાં કે, ગામડામાં 'વસંતપંચમી'ની ઉજવણી એટલે પ્રકૃતિ અને પર્યાવરણનું ખીલવું અને તેની પૂજા કરવી તે બે વાતને લઇને પ્રોગ્રામ બનાવી મોકલ્યો હતો. તે સંદર્ભે આ અવોર્ડ આપવામાં આવ્યો હતો.

'સામુદાયિક રૂડીનો રેડિયો' સાત વર્ષમાં વિવિધ કેટેગરી માટે રાષ્ટ્રીયસ્તરથી પુરસ્કૃત થાય છે. અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના મનીપુર ગામમાં ૪૦ ગામોને આવરી લેતો અને સમુદાયની વાચા બનતા 'સામુદાયિક રૂડીનો રેડિયો'ના સમુદાયના રેડિયો ટીમ, રેડિયો આગેવાન અને શ્રોતાઓને અભિનંદન...

**- બાલુબહેન**

❑

## શ્રદ્ધાંજલિ



સોમીબહેન બાબુભાઇ પરમાર પોતે ખેડૂત હતા. ગામ નવાખેડા, અરવલ્લી જિલ્લાના રહેવાસી. છેલ્લા ૨૨ વર્ષથી 'સેવા' સંગઠનના સભ્ય હતા. 'સેવા' આગેવાન બન્યા અને 'પાણી ઝૂંબેશ'માં સંચાલન ટીમમાં શક્રીય રહયા. ધનસુરા તાલુકાનાં ગામડાઓમાં પાણીની વિકટ પરિસ્થિતિમાં તેઓએ ખૂબ લગનથી કામ કર્યુ હતું. જ્યારે પોતાના ગામમાં પાણી ખૂબ તંગી હતી બે-બે કિલોમીટર ચાલીને પાણી લાવતાં. 'સેવા'માં વારંવાર મિટીંગોમાં આવતાં ત્યારે આ સઘળી રજૂઆત કરતાં. ત્યારે સામૂહિક પાણીના ટાંકા બનાવવાની વાત થઇ અને સોમીબહેને પોતાના આંગણે ગામ માટે વરસાદી પાણી સંગ્રહનો ભૂગર્ભ સામૂહિક ટાંકો બનાવવાનું નક્કી કર્યુ. પાણી સમિતિમાં ઠરાવ આપ્યો અને જાતે શ્રમફાળો એકઠો કરી ટાંકાનું કામ કરાવ્યું. ગામડાઓમાં બહેનોને બચત મંડળો સાથે જોડી સેવાના કામો કર્યા છે. ૫૨વર્ષના સોમીબહેનનું બિમારીના કારણે ૧૮ ઑગસ્ટના રોજ અવસાન થયું. ભગવાન તેમના આત્માને શાંતિ આપે.

**- ભારતી ભાવસાર, ચંદ્રિકા જયસ્વાલ**

❑

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **6-9-2019**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001